

P.09

રશિયા પરમાણુ હુમલાના વિકલ્પ ઉપર વિચાર કરી રહ્યું છે । પુતિને ચેતવણી આપી

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

P.09

દિવ્યા દત્તાએ વીડિયો શેર કરીને પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો



તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૫૬ । વિક્રમ સંવત ૨૦૮૦ : ભાદરવો વદ ૦૯ । પાના - ૧૦ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 56 • Dt. 27-09-2024 Friday • Page 10 • Price : Rs. 4 • City Office : Lok Patrika Media House, 72, City Centre, Nr. Swastik Cross Road, C.G. Road, Navrangpura, Ahmedabad 380009 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


મહારાષ્ટ્રના અનેક શહેરોમાં ભારે વરસાદને કારણે સ્થિતિ ચિંતાજનક



09

27 SEPTEMBER- 2024 FRIDAY



09

ભારતમાં પ્રતિ વર્ષ તમાકુના સેવનથી લગભગ ૧૩ લાખથી વધુ લોકોના મોત

**રાજકોટમાં ઢોર ડબ્બામાં પશુના મોત મામલે રાજકારણ ગરમાયું**

**ઢોર ડબ્બાના કોન્ટ્રાક્ટર દ્વારા ઢોર ડબ્બાનો કોન્ટ્રાક્ટ છોડવા મૌખિક રજૂઆત કરતા એફઆઇઆર નોંધી પગલાં લેવાની માંગ કરી । માલધારીઓએ કહ્યું, અમારા ઘરે થી પશુ પકડી લઈ જાય ત્યારે સ્વસ્થ્ય હોઈ છે, એનિમલ હોસ્ટેલમાં ગયા પછી કેમ મરી જાય છે ?**

# રાજકોટમાં ૯૦ દિવસમાં ૭૫૬ જેટલા પશુઓના મોત

## છેલ્લા ૯૦ દિવસ દરમિયાન ૭૫૬ જેટલા પશુઓના મોત થયા : જેમાં ૫૨૬ વાછરડા, ૧૦૮ ગાય, ૭૫ ખૂંટિયા ૪૬ વાછરડી અને ૧ પાડાના મોત હોવાનું સામે આવ્યું

। । પ્રતિનિધિ, રાજકોટ,તા.૨૬ ।

રાજકોટમાં ઢોર ડબ્બામાં પશુના મોત મામલે રાજકારણ ગરમાયું છે. ઢોર ડબ્બાના કોન્ટ્રાક્ટર દ્વારા ઢોર ડબ્બાનો કોન્ટ્રાક્ટ છોડવા મૌખિક રજૂઆત કરતા એફઆઈઆર નોંધી પગલાં લેવાની માંગ માલધારી સમાજે કરી છે. આગામી સમયમાં કોન્ટ્રાક્ટર દ્વારા ઢોર ડબ્બા નું કોન્ટ્રાક્ટ છોડવામાં આવી શકે છે. કોન્ટ્રાક્ટર દ્વારા કોન્ટ્રાક્ટ છોડવા મુદ્દે હજુ સુધી લેખિતમાં જાણ કરાય નથી. લેખિત રજૂઆત બાદ મહાનગરપાલિકાના અધિકારીઓ દ્વારા આ અંગે નિર્ણય લેવાશે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા ૯૦ દિવસ દરમિયાન ૭૫૬ જેટલા પશુઓના મોત થયા હતા. જેમાં ૫૨૬ વાછરડા, ૧૦૮ ગાય, ૭૫ ખૂંટિયા ૪૬ વાછરડી અને ૧ પાડાના મોત થયા હતા. વેટરનિટી ઓફિસર જાંકાસણિયાનું નિવેદન આપ્યું હતું. જીવદયા ટ્રસ્ટ દ્વારા સંચાલકમાંથી મુક્તિ મળવા માટે મૌખિક રજૂઆત કરવામાં આવી છે. ટૂંક સમયમાં અમે સંચાલન પરત લઈને મહાનગરપાલિકા સંચાલન સંભાળશે. ચોમાસાના સમયમાં ગાયોના મૃત્યુ સ્વભાવિક છે. જે મૃત્યુઆંક સામે આવ્યો છે તેમાં સૌથી વધારે વાછરડાં છે.



**આમ આદમી પાર્ટીએ પણ આરએમસી કચેરીમાં ઢોરના મોત મામલે વિરોધ કર્યો**

આરએમસીના ઢોર ડબ્બામાં પશુઓના મોતનો મામલો માલધારીઓ મેદાને આવ્યા છે. માલધારીઓએ કહ્યું, અમારા ઘરે થી પશુ પકડી લઈ જાય ત્યારે સ્વસ્થ્ય હોઈ છે. એનિમલ હોસ્ટેલમાં ગયા પછી કેમ મરી જાય છે ?. ચોમાસામાં ઢોર ડબ્બામાં પશુનોને બેસવા માટે પણ વ્યવસ્થાઓ નથી.નાના વાછરડાઓ મોટા પશુઓની વચ્ચે દબાઈ જાય છે જેથી મોતને ભેટે છે. એનિમલ હોસ્ટેલનું સંચાલન કરનારા અને વેટરનરી ઓફિસર સામે એફઆઈઆર નોંધવા માંગ છે. આમ આદમી પાર્ટીએ પણ આરએમસી કચેરીમાં ઢોરના મોત મામલે વિરોધ કર્યો હતો.

**રાજ્ય સરકારે જન્મ-મરણ અંગે એડવાઇઝરી જાહેર કરી**

# નોંધણી રજીસ્ટ્રાર નામમાં ફેરફાર બાબતે હવેથી ઉર્ફે શબ્દનો ઉપયોગ કરી શકાશે

## સમગ્ર રાજ્યમાં હવે જન્મ-મરણ પ્રમાણપત્રોને લગતી મોટી જંજટ દૂર થઈ

। પ્રતિનિધિ, ગાંધીનગર , તા.૨૬ ।


ભારતીય સાક્ષ્ય અધિનિયમ ૨૦૨૩ ની કલમ ૩૬ અનુસાર, જન્મ અને મરણના રજીસ્ટરમાં કરાવેલી નોંધ અનેક કામગીરીઓ માટે મહત્ત્વનો પૂરાવો છે. જેમાં જન્મ કે મરણ સર્ટિફિકેટમાં નોંધાયેલા નામમાં સુધારો કરવા બાબતે કેન્દ્ર સરકારના ગૃહમંત્રાલયે ૩૦ જૂન ૨૦૧૫માં જાહેરનામું બહાર પાડ્યું હતું, ત્યારબાદ ૨૫ સપ્ટેમ્બર ગુજરાત આરોગ્ય સચિવ અને કમિશનર દ્વારા આ બાબતે જાહેરનામું રજૂ કરાયું છે. જે મુજબ નોંધણી રજીસ્ટ્રાર નામમાં ફેરફાર બાબતે ઉર્ફે શબ્દનો ઉપયોગ કરી શકાશે. રાજ્ય સરકારે જન્મ-મરણ અંગે કેન્દ્ર સરકારની એડવાઈઝરીને માન્ય રાખી હતી, પરંતુ તેમાં ઘણાં પેટા નિયમો અને ઘણી બાબતો બાકી હોવાનું ધ્યાને આવ્યું હતું. જેનો ઉમેરો કરીને નાગરિકોની મુશ્કેલીને હળવી બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા નવું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જાહેરનામા મુજબ જન્મ અને મરણના પ્રમાણપત્રમાં બંને નામ લખવાના રહેશે, પરંતુ બે નામનો સ્વીકાર ન હોય તો રજીસ્ટ્રાર પાસે પૂરાવા સાથે અરજી કરવાની રહેશે.


શ્રી ઉત્તર દશક્રોઈ કડવા પાટીદાર એજ્યુકેશન કેમ્પસ સંચાલિત

**કમલા અમૃત ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ, ગાંધીનગર**

*Approved by Govt. Of Gujarat, Gujarat Nursing Council & Affiliated to Gujarat University*

KAMLA AMRUT INSTITUTE OF NURSING



**પ્રવેશ પ્રક્રિયા પ્રારંભ ૨૦૨૩-૨૪**

B.Sc. Nursing
૪ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ સાયન્સ પાસ
(PCB + ENGLISH)

P.B.B.Sc. Nursing
Post basic B.Sc. University
૨ વર્ષનો કોર્ષ
G.N.M. પાસ

GNM
General Nursing and Midwifery
૩ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ પાસ (કોઈપણ સ્ટ્રીમ) અને અંગ્રેજી

ઉપલબ્ધ સુવિધાઓ

- ૧૦૦ બેડની પોતાની પેરેન્ટ હોસ્પિટલ
- અનુભવી સ્ટાફ દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ
- અત્યાધુનિક લેબોરેટરી અને લાયબ્રેરી
- સ્માર્ટ ક્લાસરૂમ
- ટ્રાન્સપોર્ટેશન માટે બસની સુવિધા
- હોસ્ટેલની સુવિધા
- એ.સી. મલ્ટીપરપઝ ઓડિટોરીયમ
- SC/ST ની કેટેગરીના વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપની સુવિધા

9638358158, 7567020200, 9313304367



**VISHAL AUTOMOBILES**

આપણાં વિસ્તાર માં મલ્ટી બ્રાન્ડ વ્હીકલ શો-રૂમ



અશોક લેલેન્ડ દોસ્ત

ન્યુ કોમર્શીયલ

યુઝડ કોમર્શીયલ

ફાઇનાન્સ

રી-ફાઇનાન્સ



મારુતિ સુપર કેરી



મહીન્દ્રા મેક્સ

એક્ષચેન્જ ની સુવિધા ઉપલબ્ધ



ટાટા એસ

ઓછામાં ઓછું ડાઉન પેમેન્ટ

સરળ હપ્તા

નવી જૂની ગાડીનો વિમો



મારુતિ ઇકો



મહિન્દ્રા ઇલેક્ટ્રીક લોડિંગ



કોમર્શીયલ વહાનોની કંપની પસંદ કરો. સબસિડી ઉપલબ્ધ

દરેક કંપનીની નવી થ્રી ફોર વ્હીલર ગાડી મળશે.
તેમજ નવી તથા જૂની ગાડી પર લોન કરી આપવામાં આવશે.

ગાડી લેતા પહેલા એકવાર અવશ્ય મુલાકાત લો.

64, Dada Estate, Opp. Hotel Savan, Sarkhej Circle, S.G. Highway, Sarkhej, Ahmedabad-10. M : 95371 57373, 76980 01092

(વિશ્વાસ ૩૫ વર્ષ જૂની શાખા નો: ભવાની મોટોક્રાફ્ટ પ્રાઇવેટ લિમિટેડ સરખેજ)

## મુખ્યમંત્રીએ 'ગુજરાત કેમિકલ એન્ડ પેટ્રોકેમિકલ કોન્કલેવ-૨૦૨૪'નો શુભારંભ કરાવ્યો

# કેમિકલ અને પેટ્રોકેમિકલ સેક્ટર, સસ્ટેનેબલ ઇન્ડસ્ટ્રીયલ ગ્રોથનું 'કી-ફેક્ટર' : ભૂપેન્દ્ર પટેલ

## ગુજરાત સરકાર અને રાજ્યની અગ્રણી કેમિકલ ઇન્ડસ્ટ્રીઝ વચ્ચે કુલ રૂ. ૫૨૧૦ કરોડનાં બે એમ.ઓ.યુ. થયાં

। માહિતી બ્યૂરો, અમદાવાદ,તા.૨૬ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કેમિકલ એન્ડ પેટ્રોકેમિકલ સેક્ટરને સસ્ટેનેબલ ઈન્ડસ્ટ્રીયલ ગ્રોથ માટેનું 'કી-ફેક્ટર' ગણાવતા દેશના અમૃતકાળમાં ભારતને વિશ્વની ત્રીજી મોટી આર્થિક તાકાત બનાવવા માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઈન્ડસ્ટ્રીયલ ડેવલોપમેન્ટ મહત્વના ઈન્સ્ટ્રુમેન્ટ છે તેવો ઉલ્લેખ કર્યો હતો.

મુખ્યમંત્રીએ સેક્ટર સ્પેસિફિક પોલીસીસ અને ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસના એપ્રોચ દ્વારા આ વિકાસને નવી ઊંચાઈએ લઈ જવાનો નિર્ધાર દર્શાવ્યો હતો. ASSOCHAM દ્વારા અમદાવાદ ખાતે આયોજિત ગુજરાત કેમિકલ એન્ડ પેટ્રોકેમિકલ કોન્કલેવ-૨૦૨૪નો શુભારંભ કરાવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, વિકસિત ભારતજ૨૦૪૭ના





નિર્માણમાં કેમિકલ એન્ડ પેટ્રોકેમિકલ સેક્ટરના યોગદાનની તકોનું સર્જન અને મહત્વપૂર્ણ વિચાર મંથન આ કોન્કલેવમાં થશે. મુખ્યમંત્રીશ્રીએ કેમિકલ વેસ્ટનો સંપૂર્ણ નાશ વૈજ્ઞાનિક પદ્ધતિથી થાય તે અંગેનો પરામર્શ અને સામુહિક ચિંતન-મંથન આ કોન્ક્લેવમાં થાય તેની આવશ્યકતા સમજાવી હતી. કેમિકલ વેસ્ટ જ્યાં ત્યાં ન છોડતા પર્યાવરણની જાળવણી સાથે દરેક ઉદ્યોગ આગળ વધે તે જરૂરી છે તેમ તેમણે જણાવ્યુ હતુ.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે વધુમાં કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મેઈક ઈન ઈન્ડિયાથી મેઈડ ઈન ઈન્ડિયા દ્વારા દરેક સેક્ટરમાં ગ્લોબલી આગળ વધવાનો નિર્ધાર કર્યો છે. આપણા ઉદ્યોગ રોજગાર વિકસે અને 'નેટ ઝીરો કાર્બન કન્ટ્રી'નું લક્ષ્ય સિદ્ધ થાય તે રીતે આગળ વધવું છે. ગ્લોબલ વોર્મિંગ, પ્રદૂષણ જેવી સમસ્યાઓનો સામનો કરવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'મિશન લાઈફ' જેવા ઉમદા ખ્યાલ આપણને આપ્યા છે. ગ્રીન કવરેજ વધારવા માટે 'એક પેડ માં કે નામ' અભિયાન પણ વડાપ્રધાનશ્રીએ શરૂ કરાવ્યું છે, તેની ભૂમિકા પણ મુખ્યમંત્રીશ્રીએ આપી હતી. તેમણે જણાવ્યું કે, પર્યાવરણ જાળવણીના પ્રયાસોમાં રાજ્ય સરકાર ઉદ્યોગોની પડખે જરૂર જણાયે ઊભી રહેશે.દેશની આઝાદીનો અમૃતકાળ ભારતના વિકાસનો સુવર્ણકાળ છે. વડાપ્રધાનશ્રીની વિઝનરી લીડરશીપમાં ભારતને ગ્લોબલ ડેસ્ટીનેશન બનાવવાનો સમય છે તેનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીશ્રીએ આ સુવર્ણકાળમાં કેમિકલ અને પેટ્રોકેમિકલ ક્ષેત્રના વિકાસ દ્વારા વિકસિત ગુજરાતથી વિકસિત ભારતના નિર્માણ માટે સૌને સાથે મળીને કટિબદ્ધ થવાનું આહવાન કર્યું હતું.

## બોર્ડર ક્રોસ કરે તે પહેલા જ ખાવડા પોલીસે યુવકને પકડી લીધો

। પ્રતિનિધિ,ભુજ, તા.૨૬ ।

કચ્છના ખાવડા ગામેથી જમ્મુ કાશ્મીરનો યુવક પકડી પાડવામાં આવ્યો છે. આ યુવક ભારત-પાકિસ્તાનની સરહદ પાર કરીને પાકિસ્તાન જવા ઈચ્છતો હતો, જે માટે તે કચ્છમાં આવ્યો હતો. યુવક દેશની સીમા ઓળંગી પાકિસ્તાનમાં રહેતી પ્રેમિકાને મળવા જવાનો હતો જોકે તે બોર્ડર ક્રોસ કરે તે પહેલા જ ખાવડા પોલીસે યુવકને પકડી લીધો હતો અને તેની પુછપરછ હાથ ધરી હતી. મળતી માહિતી મુજબ જમ્મુ-કાશ્મીરનો એક યુવક પાકિસ્તાન તેની પ્રેમિકાના મળવા માટે કચ્છથી ભારત-પાકિસ્તાન બોર્ડર ક્રોસ કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો જે સમયે પોલીસે તેને પકડી પાડી પુછપરછ હાથ ધરી હતી. ખાવડા પોલીસે યુવાકને અટકાવી પૂછપરછ કરી જેમાં પોલીસ તથા એજન્સીની પૂછપરછમાં કંઈ સામે ન આવતા યુવકને જવા દેવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં યુવક માનસિક અસ્વસ્થ હોવાનું પણ સામે આવ્યું હતુ જે બાદ કોઈ જાતની કાર્યવાહી કર્યા વગર યુવકને છોડી દાવાયો હતો.

## કચરાના નિકાલ માટે વધુ ૧૦ ગાર્બેજ કોમ્પેકટર મશીન ખરીદાશે

। પ્રતિનિધિ, વડોદરા,તા.૨૫ ।

વડોદરા મ્યુનિસિપલ કોપ‍ોરેશન સ્વચ્છ ભારત મિશન અર્બન-૨ની મળેલી ગ્રાન્ટમાંથી ૧૦ ટ્રક માઉન્ટેડ ગાર્બેજ કોમ્પેકટર મશીન ખરીદ કરવાની છે. આ માટે સ્ટેન્ડિંગ સમિતિમાં દરખાસ્ત રજૂ થઈ હતી. ૧૦ મશીન ખરીદવાનો ખર્ચ ૪.૪૭ કરોડ થશે. મહાનગરપાલિકાના સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા શહેરમાંથી નીકળતા કચરાના નિકાલ માટે કચરાના નકકી કરેલ સ્પોટ ખાતે કન્ટેનર મુકી એ સ્થળેથી કલેક્ટ કરવામાં આવે છે. ઘન કચરાના વહનની કામગીરી દરમિયાન લોકોને રાહદારીઓને અડચણ ન થાય તે માટે કચરાને કોમ્પેકટ કરી બંધ વાહનમાં લઈ જવાય છે.૧૬ ટ્રક માઉન્ટેડ કોમ્પેકટર પ્રકારના વાહનો દ્વારા શહેરનો કચરો ઉઠાવી કોમ્પેકટ કરી લઈ જવાનો કોન્ટ્રાક્ટ અપાયો છે. વધુમાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ તરફથી કુલ ૭ ગામોનો સમાવેશ શહેરની હદમાં કરવામાં આવેલ છે.

## ડીસામાં પેથોલોજી લેબોરેટરીમાં બેટરી બ્લાસ્ટ થતા લાગી આગ

। પ્રતિનિધિ,ડીસા,તા.૨૬ ।

રાજ્યમાં આગની ઘટનાઓ દિવસેને દિવસે વધતી જઈ રહી છે. જે એક ચિંતાનો પ્રશ્ન બન્યો છે. ત્યારે વધુ એક આગનો બનાવ સામે આવ્યો છે. ડીસામાં હિંગળાજ મંદિરની સામે આવેલી રીલીફ પેથોલોજી લેબોરેટરીમાં બેટરી બ્લાસ્ટ થતાં લાગી આગ લાગી હતી. લેબોરેટરીમાં ઈલેક્ટ્રીક ટુ વ્હીલરની બેટરી મૂકી હતી જે અચાનક બ્લાસ્ટ થઈ હતી. આગ લાગતા લેબોરેટરીમાં નુકસાન થયું છે. જોકે સદનસીબે કોઈ જાનહાની થઈ નથી.ડીસા હાઈવે પર હિંગળાજ માતાના મંદિરની સામે આવેલ ડોક્ટર અંકિત કેલાની હોસ્પિટલ નીચે આવેલી રીલીફ પેથોલોજી લેબોરેટરીમાં અચાનક આગ લાગી હતી. લેબોરેટરીમાં ચાર્જિંગમાં મૂકવામાં આવેલી ઈલેક્ટ્રિકલ ટુ-વ્હીલર ની બેટરીમાં બ્લાસ્ટ થતા આગ લાગી હતી. આગ લાગતા ધુમાડાના ગોટે ગોટા સર્જાતા અંદર રહેલા સ્ટાફના એક વ્યક્તિએ ગુમાબૂમ કરતા તેને ઈમર્જન્સી વિન્ડોમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો.

## વાવાઝોડાને કારણે વડોદરામાં ૩૦૦થી વધુ વૃક્ષો ધરાશાયી

। પ્રતિનિધિ,વડોદરા, તા.૨૬ ।

વડોદરા શહેરમાં ૧૧૦ કિ.મી.ની ઝડપે ફૂંકાયેલા વાવાઝોડાએ ભારે તબાહી મચાવી છે. આ વાવાઝોડાને કારણે શહેરના વિવિધ વિસ્તારોમાં ૩૦૦થી વધુ વૃક્ષો ધરાશાયી છે. જેના કારણે ૫૦થી વધુ વાહનો દબાયા છે. ફાયર વિભાગની ટીમ ગઈકાલ સાંજથી રસ્તા પડી ગયેલા ઝાડને હટાવવાની કામગીરી હાથ ધરી છે.વડોદરા શહેરની સાથે જિલ્લાના અનેક વિસ્તારમાં પણ ભારે વરસાદે તારાજી સર્જી છે. ઝાડ નીચે દબાઈ જવાથી પાદરા તાલુકાના પીપળી ગામના કિરણસિંહ રાઠોડનું મૃત્યું નિપજ્યું છે. આ દરમિયાન રસ્તામાં નીલગીરીનું ઝાડ તેમના ઉપર પડતાં માથામાં ગંભીર ઈજા થતા તેમનું મૃત્યુ નિપજ્યું હતું.વડોદરામાં વાવાઝોડા સાથે તૂટી પડેલા ધોધમાર વરસાદના કારણે ઠેર-ઠેર વૃક્ષો ધરાશાયી થવાની સાથે પશુઓ દબાયાની પણ ઘટનાઓ બની. છે.

## કેમિકલના ગોડાઉનમાં આગ લાગતા અફરાતફરી મચી

। પ્રતિનિધિ, સુરત,તા.૨૬ ।

સુરતમાં વધુ એક આગનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. સુરત શહેરના સરથાણા સીમાડા વિસ્તારમાં આવેલા એક કેમિકલના ગોડાઉનમાં સવારે ભીષણ આગ ફાટી નીકળી હતી. વાલમનગરમાં આવેલા આ ગોડાઉનમાં આગ લાગતા આસપાસના વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. ફાયરના કાફલાએ ઘટના સ્થળે દોડી રેસ્ક્યુ કામગીરી હાથ ધરી હતી. ફાયરે ૫ કામદારોને સુરક્ષિત બહાર કાઢ્યા હોવાની પ્રાથમિક વિગતો જાણવા મળી છે. આ અકસ્માતમાં કામદારો ગંભીર રીતે દાઝી ગયા છે.ડાયમંડ સિટી સુરતમાં વધુ એક ભયંકર આગની ઘટના સામે આવી છે. શહેરના પુણા સીમાડા વિસ્તારમાં આવેલો વાલમનગર વિસ્તાર સવારે આગના ધૂમાડાથી ઘેરાઈ ગયો હતો. અહીં એક કેમિકલના ગોડાઉનમાં આગ લાગી હતી. ગોડાઉનમાં કેમિકલ હતું જેનાં કારણે આગે ગણતરીની મિનિટોમાં ભયાનક સ્વરૂપ ધારણ કર્યું હતું. ગોડાઉનની અંદર કામ કરતા કામદારો ફસાઈ ગયા હતા. બીજી તરફ આગની જ્વાળાઓ ઉઠવા લાગતા અફરાતફરી મચી ગઈ હતી. આસપાસના મકાનો ખાલી થઈ ગયા હતા. સ્થાનિકો બનાવ સ્થળે દોડી આવ્યા હતા. લોકોએ આગ ઓલવવા પ્રયાસ શરૂ કર્યો હતો. પરંતુ કેમિકલ સળગતું હોવાના લીધે નિષ્ફળતા મળી હતી. ફાયર વિભાગની ટીમને ઘટનાની જાણ થતા જ સ્થળ પર પહોચી ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો.

## શેર માર્કેટની ટીપ્સના વોટ્સએપ ગ્રૂપમાં એડ થવું યુવકને મોંઘુ પડ્યું

# શેરબજારની ટીપ્સના ગ્રૂપમાં એડ થયા બાદ યુવક સાથે ૨.૭૫ લાખની ઠગાઈ

। પ્રતિનિધિ,અમદાવાદ, તા.૨૬ ।

ગોમતીપુરમાં રહેતા યુવકને વોટસએપ ગ્રૂપમાં સ્ટોક માર્કેટમાં પ્રોફિટ અપાવવાની લાલચ આપીને મેમ્બર બનાવી શરૂઆતમાં નફો કરાવ્યા બાદ રૂ. ૨.૭૫ લાખનું રોકાણ કરાવી છેતરપિંડી આચરવામાં આવી હતી. આ અંગે ગોમતીપુર પોલીસ સ્ટેશનમાં વોટસઅપ ગ્રૂપના મેન્ટર જ્ઞાન શર્મા અને અન્ય અજાણ્યા ચાર વ્યક્તિ મળી કુલ પાંચ સામે વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવાઈ છે. ગોમતીપુરમાં રહેતા રાહુલભાઈ ખુમાણ સેટેલાઈટમાં આવેલી ખાનગી કંપનીમાં એકાઉન્ટ્સને લગતુ કામકાજ કરે છે. ગત ૨૨ જુલાઈએ તેમના વોટસએપ નંબર પર કોઈ અજાણ્યા વ્યક્તિએ સ્ટોક માર્કેટ પ્રોફાઈલ સ્ટ્રેટેજીસ એ-૧૯માં લીંક મારફતે એડ કરી દીધા હતા. આ ગ્રૂપના મેન્ટર તરીકે જ્ઞાન વર્મા હોવાનું જણાવ્યું હતું અને તેઓ શેરબજારની ટ્રેડિંગની માહિતી આપતા હતા. જે ટિપ્સ મુજબ શરૂઆતમાં રાહુલભાઈએ તેમને ડિમેટ એકાઉન્ટમાં ટ્રેડિંગ કરતા તેમને નફો થયો હતો. આ ગ્રૂપ પર વિશ્વાસ બેસતા ગ્રૂપની એપ્લિકેશનની લીંકને ફોલો કરતા તેમની તમામ વિગતો માગતા તેમણે સબમિટ કરી હતી. ત્યારબાદ તેમને મીનીમમ રૂ. ૫૦ હજારનું ટ્રાન્જેક્શન કરવાનું કહેવાતા તેમણે તે મુજબ કર્યું હતું ત્યારબાદ તેમને એપ્લિકેશનમાં પ્રોફિટ બતાવતા તેમણે અલગ અલગ મળીને કુલ રૂ. ૨.૭૫ લાખની રકમ ટ્રાન્સફર કરી હતી. આ રોકાણ સામે તેમનો નફો એપ્લિકેશનમાં રૂ. ૬.૫૨ લાખ દેખાતા હતા. જેથી તેમણે આ રૂપિયા ઉપાડવા માટે ગ્રૂપમાં રિકવેસ્ટ મોકલતા તેમને ૨૪ કલાકમાં બેંક ખાતામાં રૂપિયા આવી જશે તેમ કહેવાયું હતું. જો કે તેમ થયું ન હતું ઉલ્ટાનું તેમને વોટસઅપ ગ્રૂપમાંથી રિમૂવ કરી દેવાયા હતા. તેમણે ગ્રૂપ એડમિન અને અન્ય સભ્યોના ફોન નંબર પર ફોન કરતા તમામના ફોન બંધ આવતા હતા. અંતે પોતાની સાથે છેતરપિંડી થયાની જાણ થતા આ અંગે સાયબર ક્રાઈમ હેલ્પલાઈનમાં ફરિયાદ કરી હતી. આ મામલે ગોમતીપુર પોલીસે ગ્રૂપ એડમિન જ્ઞાન વર્મા સહિત કુલ પાંચ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.




### નાના બોરસરા ગામ પાસે આઇશરે ટક્કર મારતાં પોલીસની કારને અકસ્માત નડ્યો

# સુરતથી આરોપીને રાજકોટ લઈ જતી LCB ટીમને ત્રિપલ અકસ્માત નડ્યો, એક પોલીસકર્મીનું મોત

## સુરતના હજીરા ખાતેથી પેરોલ જમ્પ આરોપીને લઇને પોલીસ જવાનો જઈ રહ્યા હતા

। પ્રતિનિધિ, સુરત,તા.૨૬ ।

સુરતના નાના બોરસરા ગામ પાસે આરોપીને લઈને રાજકોટ જઈ રહેલી રાજકોટ જિલ્લા એલસીબી ટીમને અકસ્માત નડ્યો હતો. જેમાં આઈશર ટેમ્પોએ પાછળથી ટક્કર મારતાં કાર આગળ જઈ રહેલા ટ્રકમાં ઘૂસી ગઈ હતી. આ અકસ્માતમાં એક પોલીસકર્મીનું મોત નિપજ્યું છે. જ્યારે અન્ય ઈજાગ્રસ્તોને હાલ ભરૂચના અંકલેશ્વરની જયાબા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.



સુરત જિલ્લામાં પસાર થતા નેશનલ હાઈવે પર દિન પ્રતિદિન અકસ્માતના બનાવો વધી રહ્યા છે. ત્યારે વધુ એક અકસ્માતની ઘટના સામે આવી છે. વહેલી સવારે રાજકોટ એલસીબીની ટીમ સુરતના હજીરા ખાતેથી બ્લેક ક્રેટા કારમાં પેરોલ જમ્પ આરોપીને લઈને ચાર એલસીબી પોલીસ જવાનો જઈ રહ્યા હતા. તે દરમિયાન પાછળથી પૂરઝડપે આવી રહેલ આઈશર ટેમ્પો ચાલકે ક્રેટાને ટક્કર મારી હતી. જેને લઈને કારચાલકે સ્ટેરીંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો અને કાર સીધી આગળ જઈ રહેલા ટ્રકમાં ઘૂસી ગઈ હતી. જેને લઈને કાર પડીકું વળી ગઈ હતી. કારમાં સવાર ચાર પોલીસકર્મી અને એક આરોપી દબાઈ ગયા હતા. બનાવને પગલે સ્થળ પર દોડી ગયેલા હાજર લોકોએ કારમાં સવાર લોકોને બહાર કાઢ્યા હતા. જોકે ગંભીર ઈજાઓના કારણે દિગ્વિજયસિંહ રાઠોડ નામના પોલીસકર્મીનું મોત નિપજ્યું હતું. તેમજ અન્ય ઈજાગ્રસ્તોને ભરૂચ જિલ્લાના અંકલેશ્વરની જયાબા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ત્યારે આ ગમખ્વાર અકસ્માતની ઘટનામાં પોલીસકર્મીનું મોત થતાં પોલીસ બેડામાં શોક પ્રસરી ગયો છે. રાજકોટ જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ હાલ ઘટના સ્થળે આવવા રવાના થયા છે.

### ગુજરાતમાં આ પ્રકારનું પહેલું ફાયર સ્ટેશન

# સાણંદમાં ઇન્ડસ્ટ્રીયલ એસોશિયેશને શરું કર્યુ પોતાનું પ્રથમ ફાયર સ્ટેશન


। પ્રતિનિધિ, સાણંદ,તા.૨૬ ।

ગુજરાતમાં તમામ ફાયર સ્ટેશનો કોર્પોરેશન, નગરપાલિકા કે અન્ય સરકારી વિભાગ સંચાલિત હોય છે. પરંતુ વિશ્વ વિખ્યાત બનેલાં સાણંદ GIDCમાં ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન દ્વારા ફાયર સ્ટેશન ઊભું કરવામાં આવ્યું છે. આ પ્રકારનું ગુજરાતનું પ્રથમ ફાયર સ્ટેશન હોવાનો દાવો પણ કરવામાં આવ્યો છે. આ ફાયર સ્ટેશન દ્વારા સાણંદ GIDCની સાથે આસપાસના પાંચ ગામ તેમજ બહારની ઈન્ડસ્ટ્રીઝને પણ સેવા પૂરી પાડવામાં આવી રહી છે. સાણંદ નગરપાલિકા દ્વારા ઊભાં કરવામાં આવેલાં ફાયર સ્ટેશનમાં હાલ કચરો ઉપાડતી ગાડીઓનું ગોડાઉન અને તેમના પરિવારના સભ્યોના રહેવા માટેનું ઘર બની ગયું છે. ઉપરાંત સાણંદ ફાયર સ્ટેશન કમ્પાઉન્ડમાં ખખડધજ હાલતમાં એક ફાયર ફાયટર પડયું હતું. આ અંગે સાણંદ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ નેહલબેન કેયુરભાઈ શાહે જણાવ્યું હતું કે, ઘણાં સમયથી સાણંદ નગરપાલિકા પાસે નાનું આશરે ૪ હજાર લીટરનું ફાયર ફાયટર છે. સાણંદ ગામમાં શંકરવાડી આશ્રમ પાસે પાર્કીંગમાં મૂકવામાં આવે છે. તેનાથી ગામતળમાં જ તેનો ઉપયોગ કરવામાં આવે છે. ગલીઓ નાની હોય છે.આ પ્રકારનું ગુજરાતનું પ્રથમ ફાયર સ્ટેશન હોવાનો દાવો પણ કરવામાં આવ્યો છે.

# માતાનામઢ ખાતે નવરાત્રી મહોત્સવની તૈયારી

। પ્રતિનિધિ, ભુજ,તા.૨૬ ।

આદ્યશક્તિના ધામમાં નોરતાની ઉજવણી કરવા ખેલૈયાઓમાં થનગનાટ, તંત્ર દ્વારા ધંધાર્થીઓને ૨૪૫ જેટલા સ્ટોલની ફાળવણી કરાઈ. આશાપુરા માતાજીના સ્થાનક માતાનામઢ ખાતે ઉજવાતા આસો નવરાત્રી પર્વ દરમિયાન મોટી સંખ્યામાં ભાવિકો આશાપુરા માતાજીના ચરણોમાં શીશ ઝુકાવવા માટે આવે છે, જેને લઈ દસ દિવસ સુધી મેળાનો માહોલ સર્જાય છે. આ માટે ગ્રામ પંચાયત દ્વારા ધંધા રોજગાર માટે ધંધાર્થીઓને ૨૪૫ જેટલા સ્ટોલની ફાળવણી કરાઈ હતી. નવરાત્રિમાં અહીં પાંચથી છ લાખ જેટલા ભાવિકો આવે છે જેમને કોઈ અગવડ ન પડે તે માટે વહીવટી તંત્ર તેમજ જાગીર ટ્રસ્ટ દ્વારા અગાઉથી જ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. મંદિર પરિસર તેમજ પ્રવેશ દ્વાર પાસે રેલિંગ, ડોમ સહિતની કામગીરી પૂર્ણતાને પહોંચી છે. મંદિરને રંગબેરંગી લાઈટથી સજાવટનું કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે.




## તંત્રી લેખ...

# રોકડિયા પાકના ગુલામો

આખરે બજારમાં દિવાળીની ચમક જોવા મળી છે. એક તરફ વિશ્વબેન્કે ભારતના વિકાસદરની આગાહી પલટાવી છે ને બીજી તરફ વિદેશી રોકાણકારો પાછા પડયા હોવા છતાં ફરી ફરી તેઓ ભારતમાં જ રોકાણ કરવાની ઉજળી મુરાદ રાખે છે. શરદઋતુ શરૂ થવાની તૈયારી છે અને રવિ મોસમને વાર છે ત્યારે હજુ ઉત્તર ભારતમાં અનેક સ્થળોએ હળવાથી ભારે વરસાદની આગાહી છે. આ વખતે બંગાળના ઉપસાગરમાં નૈઋત્યના પાછા ફરતા પવનોમાં રહી રહીને વરસાદનું ઘણું જોર જોવા મળ્યું. આ વખતનો મુખ્ય વરસાદ કેરાલાથી ઉપર આવતા ચોમાસાને બદલે અરબી સમુદ્ર અને બંગાળના ઉપસાગર પર જ આધારિત રહ્યો. કેરળમાં તો જે કંઈ વરસાદ આવ્યો તે ચોમાસાના આરંભ પછી ઝંઝાવાતી સ્વરૂપનો જ રહ્યો. જો કે કેરળને પાણીની કે સિંચાઈની કદીયે ચિંતા હોતી. નથી કારણ કે કેરળના ખેતરોમાં બાગાયતી પાક લહેરાતા હોય છે. આપણે ત્યાં ગુજરાતના ખેડૂતો જે રીતે રોકડિયા પાક પાછળ પાગલ છે અને ખેતરનું સંપૂર્ણ દોહન કરી અને ચિક્કાર રૂપિયા જ બનાવી લેવાની ઈચ્છા છે એવું કેરળમાં નથી. કેરળના ખેડૂતો બાગાયતી પાક ખેતરની ધારે ધારે વાવે છે. કેરળમાં એક પણ ખેતર એવું નથી કે જેમાં ઘાટાદાર વૃક્ષો ન હોય અને ફળફળાદિ ન હોય. આપણે ત્યાં લાખો હેક્ટર જમીનો વૃક્ષશૂન્ય થઈ ગઈ છે. જે જમીનમાંથી કિસાનો દર વરસે મબલક પાક લે છે એ જ જમીન પર તેઓ બે-પાંચ ઝાડ પણ થવા દેતા નથી. કેરળમાં ઘટાદાર અને બાગાયતી ઝાડ વિનાનું ખેતર જોવા જ ન મળે. ફળફળાદિ, કાચા શાકભાજી, લીલી મગફળીને રો ફૂડ કહેવામાં આવે છે. કેરળના ખેડૂતોને પ્રથમ પોતાની પ્રજાની એટલે કે પોતાના વારસદારોની ચિંતા છે. એ પહેલા પોતાના પરિવારના આરોગ્ય સામે જુએ છે પછી રૂપિયા સામે જુએ છે. આવો અભિગમ દેશના બધા ખેડૂતોમાં નથી. કેરળના છોકરાઓ સવારે શાળાએ જઈને આવે પછી પિતા સાથે ખેતરમાં કામ કરતા હોય છે અને ખેતરમાં ચારે બાજુ નાળિયેરી હોય, કેળા હોય હવે તો કાજુ પણ હોય છે, સફરજન હોય છે, જામફળ હોય. આ બધા રો ફૂડ છે. રો ફૂડ એટલે કાચા ખોરાક જેને પકાવ્યા વિના એટલે કે જેને ચૂલે ચડાવ્યા વિના એ કેરળના ખેડૂતોના સંતાનો બપોરે આહારમાં લે છે. બપોરના ભોજન અને સાંજના ભોજનની વચ્ચે જો સંતાનોને રો ફૂડ મળે તો એના જેવું અમૃત બીજુ એકેય નથી. રો ફૂડ તો કોઈ પણ ઉંમરે સર્વશ્રેષ્ઠ છે. રો ફૂડનો અર્થ છે ઝાડ કે વનસ્પતિની ડાળી પરથી તોડીને સીધી જ કુદરતી ઉપજ ખાવી.

## થોડું હટકે...

# ગુજરાતમાં આયુર્વેદિક દવાઓનો કચરો થાય છે

ગુજરાતની એક સરકારી આયુર્વેદિક હોસ્પિટલ કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન આયુર્વેદિક દવાઓના ગેરવહીવટ સાથે સંકળાયેલી હોવાનું જણાયું છે. સંસામણી વટી જેવી આયુર્વેદિક દવાઓની માંગમાં વધારો હોવા છતાં, આ દવાઓમાંથી હજારો કિલોગ્રામની સમયસીમા સમાપ્ત થઈ ગઈ છે, યોગ્ય વિતરણની રાહ જોઈ રહી છે.અહેવાલો અનુસાર, રાજ્યની સરકારી આયુર્વેદિક હોસ્પિટલોમાં સુદર્શન ઘનવટી અને સંસામણી વટી જેવી આવશ્યક દવાઓની અછતનો સામનો કરવો પડ્યો હતો, જ્યાં કેટલીક હોસ્પિટલોમાં તે અસ્પૃશ્ય રહી હતી.આ વિસંગતતા સર્જાઈ હતી કારણ કે વિતરણ ડેપો રોગચાળા દરમિયાન હોસ્પિટલોમાં દવાઓની સમયસર અને સમાન ફાળવણીની ખાતરી કરવામાં નિષ્ફળ ગયા હતા.નિવૃત્ત દવાઓમાં, સંશમણી વટીનો એક ભાગ હતો, જેમાં ૮,૬૧૧ કિલોગ્રામ એકલા એપ્રિલ ૨૦૨૪માં સમાપ્ત થઈ ગયા હતા. અન્ય નિવૃત્ત દવાઓમાં ભારંગ્યાદી ક્વાથ (૮૨૮ કિલોગ્રામ) અને ત્રિકાતુ ચૂર્ના (૩૭૨ કિલોગ્રામ)નો સમાવેશ થાય છે.આયુર્વેદ, યોગ અને પ્રાકૃતિક ચિકિત્સા, યુનાની, સિદ્ધા અને હોમિયોપેથી (આયુષ) વિભાગને પરિસ્થિતિ પ્રત્યે સતર્ક કરવામાં આવ્યા છે અને સમયસીમા સમાપ્ત થઈ ગયેલી દવાઓના નિકાલ માટે કામ કરી રહ્યા છે.આયુષ વિભાગના ડિરેક્ટરે તેમની અસરકારકતાનું મૂલ્યાંકન કરવા માટે સમાપ્ત થઈ ગયેલી દવાઓ પર લેબ પરીક્ષણ કરવા માટે એક સમિતિની રચના કરવાની જાહેરાત કરી છે. આ વિસંગતતા સર્જાઈ હતી કારણ કે વિતરણ ડેપો રોગચાળા દરમિયાન હોસ્પિટલોમાં દવાઓની સમયસર અને સમાન ફાળવણીની ખાતરી કરવામાં નિષ્ફળ ગયા હતા. જો પરીક્ષણો નક્કી કરે છે કે દવાઓ હજી પણ ઉપયોગમાં લઈ શકાય છે, તો તેનો નાશ થવાને બદલે તેને જાળવી રાખવામાં આવી શકે છે.જ્યારે સમયસીમા સમાપ્ત થઈ ગયેલી દવાઓનો નિકાલ કરવાનો નિર્ણય બાકી છે, ત્યારે સરકારી આયુર્વેદિક હોસ્પિટલોમાં સંસામણી વટીની ૧૭.૭૦ લાખ અને સુદર્શન ઘનવટીની ૪૯.૪૫ લાખની કિંમતની દવાઓના નવા ઓર્ડર આપવામાં આવ્યા છે. સંસામણી વટી અને સુદર્શન ઘનવટીના ૩,૦૦૦ કિલોગ્રામમાંથી ૨૩૪ કિલોગ્રામ અમદાવાદ જિલ્લાને ફાળવવામાં આવશે. આ દવાઓમાંથી હજારો કિલોગ્રામની સમયસીમા સમાપ્ત થઈ ગઈ છે, યોગ્ય વિતરણની રાહ જોઈ રહી છે.

**આજકાલ**

**લખી રાખો, તમારા સંતાન માટે તમારે જ પાણી બચાવવું પડશે**

**રેડિયો કાર્બન ડેટિંગની મર્યાદા છે, પાણી ૩૫ હજાર વર્ષ કરતાં પણ જૂનું હોઈ શકે, ૨૦૫૦માં પાણીની જરૂરિયાત ડબલ થઈ જવાની છે, સમજો આખું ગણિત**

# વરસાદનું એ પાણી આવનારી પેઢી પીશેઃ બોરનું પાણી પીવો છો તે તમારી ૧૦૦ પેઢી જેટલું જૂનું છે!

**ચોકઠાંના ગણિત મુજબ જોઈએ તો ૬૩૦ કિલોમીટર પહોળો, ૬૩૦ કિલોમીટર લાંબો અને ૬૩૦ કિલોમીટર ઊંચો પાણીનો જથ્થો હોય એટલું પાણી અત્યારે વાપરીએ છીએ.**



ગુજરાતમાં ફરી એકવાર વરસાદનો ધમાકેદાર રાઉન્ડ શરૂ થયો છે. ૫ ઓક્ટોબરે ચોમાસું વિદાય લેશે, તેવી આગાહી તો થઈ ચૂકી છે એટલે જતાં જતાં વરસાદ ગુજરાતને ભીંજવી રહ્યો છે. અહીં વાત વરસાદની નથી પણ વરસાદનાં પાણી પર થયેલાં રસપ્રદ સંશોધનની છે. જી હા, અત્યારે જે વરસાદ વરસી રહ્યો છે તેનું પાણી જમીનમાં એવી રીતે ઊંડે સંગ્રહ થશે કે તમારી આવનારી પેઢી આ પાણી પીશે. અને હા, તમે અત્યારે બોરમાંથી જમીનનું પાણી પીવો છો તે પણ આજકાલનું નથી. એ હજારો વર્ષ જૂનું છે. નવાઈ લાગીને? પણ આ રસપ્રદ વાત રિસર્ચમાં સામે આવી છે. તમને સવાલ એ થશે કે જૂનું એટલે કેટલું? તો સમજી લો કે, તમારી ૧૦૦ પેઢી (રિપિટ, સો પેઢી) પહેલાંનું છે!!

PRL એટલે ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીનું રાષ્ટ્રીય સ્તરે સંશોધનનું કામ છે. આ સંસ્થા ઈસરોની સંલગ્ન સંસ્થા છે અને ચંદ્રયાન હોય, આદિત્ય-૧ હોય કે અવકાશ, જળ, વાયુ, જમીન કે કોઈપણ પ્રકારનું સંશોધન હોય તે ઈન્ દ્વારા કરવામાં આવે છે. આ સંસ્થાના વૈજ્ઞાનિક આર. ડી.દેશપાંડેએ વાતચીતમાં PRLના રિસર્ચની વાત કરી. આ રિસર્ચ એ પ્રકારનું છે કે લોકોએ પાણી મામલે હવે ચેતી જવાની જરૂર છે. ઈન્ દ્વારા જે સંશોધન થયું તેમાં બે વાત સામે આવી. પહેલી એ કે, આપણે બોરનું જે પાણી વાપરીએ છીએ તે ૨ હજારથી લઈને ૩૫ હજાર વર્ષ જૂનું પાણી છે. ચિંતાની વાત એ પણ છે કે બોરનાં પાણી વધારે ને વધારે ઊંડા ઉતરતાં જાય છે. બીજું, આવનારા ૨૫ વર્ષમાં એટલે કે ૨૦૫૦ની સાલમાં અત્યાર કરતાં પાણીની જરૂરિયાત ડબલ થઈ જવાની છે. શું છે પાણીની જરૂરિયાતનું ગણિત, આવો સમજીએ PRLનું વૈજ્ઞાનિક પ્રો. આર.ડી.દેશપાંડે પાસેથી...

વરસાદનું પાણી આખા ભારતમાં વરસે છે તેનું માપ ૪,૦૦૦ બિલિયન ક્યૂબિક મીટર છે. આ આંકડો ટેકનિકલી છે એટલે માપ વિશે ખ્યાલ નહીં આવે પણ એવું કહી શકો કે, પાણીનો જબરજસ્ત જથ્થો. આ માપ વિશે આગળ ડિટેઈલમાં જાણવા મળશે. હવે આ વરસાદના ૪ હજાર બિલિયન ક્યૂબિક મીટર પાણીમાંથી ૪૪૭ બિલિયન ક્યૂબિક મીટર એટલે કે ૧૧ ટકા જેટલું પાણી જમીનમાં ઉતરી જાય છે. તે બધું ઉપયોગમાં નથી આવતું. તેમાંથી ૨૫૩ બિલિયન ક્યૂબિક મીટર એટલે કે ૫૭ ટકા આપણે ખેંચી લઈએ છીએ. આપણે ત્યાં જમીનનું પાણી જ સૌથી વધારે વપરાય છે. ૩૬ બિલિયન ક્યૂબિક મીટર પાણી છે તે નેચલર ડિસ્ચાર્જ છે. એમાં એવું થાય કે પાણી જમીનમાં ઉતરે ખરું પણ જમીનમાં રહેવાના બદલે નદીમાં વહી જાય છે. બાકીનું ૧૫૮ બિલિયન ક્યૂબિક મીટર પાણી સબમરીન ગ્રાઉન્ડ વોટર ડિસ્ચાર્જના ફોર્મમાં પાણીમાં વહી જાય છે. સબમરીન ગ્રાઉન્ડ વોટર ડિસ્ચાર્જને સરળ ભાષામાં સમજીએ. જમીનની અંદર સુધી ઉતરેલું પાણી જમીનમાં જ અંદર-અંદર થઈને દરિયામાં વહી જાય છે. જમીનમાં અંદર થઈને દરિયામાં જતું રહે તેવા પાણીને સબમરીન ગ્રાઉન્ડ વોટર ડિસ્ચાર્જ કહેવાય. ભારતનો દરિયા કિનારો ૭૫૦૦ કિલોમીટરનો છે. અહીંથી જ મોટાભાગનું પાણી દરિયામાં વહી જાય છે. એના વિશે રિસર્ચ ચાલુ છે કે આ પાણી જમીનમાં અંદર અંદર થઈને કઈ જગ્યાએથી દરિયામાં જઈ રહ્યું છે.

અમદાવાદ PRLના વૈજ્ઞાનિક આર.ડી.દેશપાંડે કહે છે, ઈન્ દ્વારા પાણીનું રેડિયો કાર્બન ડેટિંગ થયું ત્યારે ખબર પડી કે, જમીનનું પાણી આપણા માટે ખૂબ મહત્વનું છે. ગુજરાતની જમીનમાં જે પાણી છે ૨ હજાર કે ૧૫ હજાર વર્ષથી લઈ ૩૫ હજાર વર્ષ જૂનું છે. કાર્બન ડેટિંગથી તેનું એઈજ ડિટર્મેનેશન કર્યુ છે કે આપણે કેટલું જૂનું પાણી વાપરીએ છીએ. સામાન્ય ભાષામાં કહીએ કે, વડવાઓએ જૂની સંપત્તી ભેગી કરેલી છે તેવું જ સંપત્તી સમાન આ જૂનું પાણી છે.



**કેન્દ્ર સરકાર રાસાયણિક ખાતરનો ઉપયોગ બંધ કરવાની અપીલ કરી રહી છે.**

**ઓર્ગેનિક પ્રોડક્ટ હોવાને કારણે તેમની માગ અન્ય લોકોની મોસમી કરતાં વધુ બની ગઈ છે. યોગ્ય જળ વ્યવસ્થાપન, ખાતરની માત્રા અને અત્યાધુનિક પદ્ધતિઓ અપનાવવાને કારણે ઉત્પાદનમાં વધારો થયો છે.**

# ઓર્ગેનિક ફાર્મિંગએ બદલી ખેડૂતની જીંદગી, મોસંબીની ખેતીથી દર વર્ષ થયો ૪ લાખનો નફો

**ખેતીની પદ્ધતિઓમાં ફેરફારથી મૌસંબીના કદ અને ગુણવત્તામાં વધારો થયો છે. ગુણવત્તા પર ભાર મૂકીને, પ્રતિ કિલો રૂ.૨૫ વધુ કમાઈ રહ્યા છે. આવકમાં દર વર્ષે ૪ લાખ રૂપિયાનો વધારો થયો છે.**



જ્યારે ખેતી(Farming)માં નફો મળતો નથી ત્યારે ખેડૂતો (Farmers)ઉતાવળમાં પાકની પદ્ધતિ બદલી નાખે છે. જે ક્યારેક નુકસાન પણ કરે છે. પરંતુ, જો યોગ્ય દિશામાં ફેરફાર કરવામાં આવે તો સારો નફો થઈ શકે છે. ઉસ્માનાબાદના એક યુવાન પ્રગતિશીલ ખેડૂતે આવું જ કર્યું. આ યુવકે સજીવ ખેતી (Organic Farming)અપનાવીને સફળતા મેળવી છે. અહીં આ યુવા ખેડૂતે મૌસંબીના બગીચાઓમાં રાસાયણિક ખાતરનો ઉપયોગ બંધ કર્યો. સજીવ ખેતી અપનાવીને ધીમે ધીમે ઉત્પાદન વધાર્યું. ઓર્ગેનિક પ્રોડક્ટ હોવાને કારણે તેમની માગ અન્ય લોકોની મોસમી કરતાં વધુ બની ગઈ છે. યુવા ખેડૂત કહે છે કે યોગ્ય જળ વ્યવસ્થાપન, ખાતરની માત્રા અને અત્યાધુનિક પદ્ધતિઓ અપનાવવાને કારણે ઉત્પાદનમાં વધારો થયો છે. અને વાર્ષિક રૂ. ૪ લાખથી વધુની કમાણી થઈ રહી છે.

પ્રગતિશીલ ખેડૂતે જણાવ્યું કે યોગ્ય આયોજન અને ઓર્ગેનિક ખેતીને કારણે તેમને અપેક્ષા કરતા વધુ ઉત્પાદન મળ્યું છે. વધુ ઉત્પાદન મેળવ્યું અને ઓર્ગેનિકના કારણે તેનું મૂલ્ય વધ્યું. આનાથી નફો વધ્યો. ખેડૂતનો મોસંબી બગીચો અને ખેતર હવે કૃષિ વિદ્યાર્થીઓ માટે અભ્યાસનું કેન્દ્ર બની ગયું છે. તે જ ગામના અન્ય ખેડૂતોએ પણ ખેડૂતની પહેલની પ્રશંસા કરી છે.પ્રગતિશીલ ખેડૂતના પિતા અંબેજાવલગેમાં પરંપરાગત રીતે મોસંબીની ખેતી કરતા હતા પરંતુ વધુ મજૂરી, ખાતરનો જથ્થો, પાણીની વ્યવસ્થા કરવા છતાં ધાર્યું ઉત્પાદન મળતું ન હતું. તેથી મ.જીષ્ઠ એગ્રીકલ્ચરનો અભ્યાસ કરનાર યુવા પુત્રએ ખેતીમાં કેટલાક ફેરફારો કરવાનું નક્કી કર્યું. તેણે ઓર્ગેનિક ફાર્મ શરૂ કર્યું. જેના કારણે મોસંબીનું કદ, ગુણવત્તા અને ચમક પણ રાસાયણિક ખાતરો કરતા વધુ હતી. જૈવિક ખાતર, ટપક સિંચાઈ અને જરૂરિયાત મુજબ ખાતરમાં ફેરફારથી ખેતી બદલાઈ. હવે લાખ રૂપિયા કરતા વધુનું ઉત્પાદન થાય છે. યુવા ખેડૂતે જણાવ્યું છે કે જ્યારે કંઈક નવું કરવામાં આવશે તો તેનાથી ખેડૂતોને ફાયદો થશે.આ દિવસોમાં કેન્દ્ર સરકાર રાસાયણિક ખાતરનો ઉપયોગ બંધ કરવાની અપીલ કરી રહી છે. સરકાર ઈચ્છે છે કે મોટાભાગના ખેડૂતો ઓર્ગેનિક અને કુદરતી ખેતીમાં જોડાય. કારણ કે હવે લોકો કેમિકલવાળી વસ્તુઓ ખાવાનું ટાળી રહ્યા છે. અઝહરે આ રીતે ખાટા ફળોનું ઉત્પાદન વધારવાનું નક્કી કર્યું. પહેલા રાસાયણિક ખાતરનો ડોઝ બંધ કર્યો. પરિણામે વધતી જતી ગરમીમાં વૃક્ષો બળી જવાનો દર ઘટીને શૂન્ય થઈ ગયો હતો.ખેતીની પદ્ધતિઓમાં ફેરફારથી મૌસંબીના કદ અને ગુણવત્તામાં વધારો થયો છે. ગુણવત્તા પર ભાર મૂકીને, પ્રતિ કિલો રૂ.૨૫ વધુ કમાઈ રહ્યા છે. આવકમાં દર વર્ષે ૪ લાખ રૂપિયાનો વધારો થયો છે.

# દુનિયાભરમાં કંપનીઓ Gen Z ને નોકરીમાંથી કાઢી રહી છે


**૧૦ માંથી ૬ કંપનીઓએ કહ્યું હતું કે તેમણે તાજા ભરતી થયેલા ઘણા કોલેજ સ્નાતકોને નોકરીમાંથી કાઢી મૂક્યા છે.**

વર્ષ ૨૦૦૦ની આસપાસ જન્મેલી પેઢીને Gen Z ('જેન ઝી' કે 'જનરેશન ઝેડ') કહેવામાં આવે છે. તાજેતરમાં આ પેઢીના કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂકવાનું ચલણ વધ્યું છે. ઘણી કંપનીઓ યીહ ઢ ને નોકરી આપવામાં અચકાઈ રહી છે. એક રીતે જોઈએ તો આ પેઢી ઈન્ટરનેટ સાથે ઉછરેલી પહેલી પેઢી છે, તેથી તે વધુ ટેક્નોસેવી છે. તે યુવાન અને ઉત્સાહથી ભરેલી છે, છતાં તેમને નોકરીમાંથી પાણીચું આપવામાં આવી રહ્યું છે. આમ થવાના કારણો જોઈએ.

યીહ ઢ બાબતે થયેલા એક નવા સર્વેમાં જાણવા મળ્યું છે કે સમગ્ર વિશ્વમાં એક ટ્રેન્ડ વધી રહ્યો છે, જેમાં ઘણી ટોચની કંપનીઓ યીહ ઢ યુવાનોને નોકરી પર રાખવાનું ટાળી રહી છે અને ઘણી કંપનીઓ તેમને નોકરીએ રાખ્યાના થોડા મહિનામાં જ નોકરીમાંથી કાઢી રહી છે. આવી કંપનીઓનું કહેવું છે કે તેમને Gen Z યુવાઓની કાર્યશૈલી પસંદ નથી, તેમની કોમ્યુનિકેશન સ્કીલ અને કામ પ્રત્યેનું બેદરકાર વર્તન પસંદ નથી.

ઈન્ટરનેટ સાથે ઉછરેલી હોવાથી Gen Z વધુ ટેક્નોસેવી પેઢી છે, યુવાન હોવાથી તેઓ ઉત્સાહિ પણ વધુ હોય છે. આમ છતાં તેઓ નોકરીમાં સારું પરફોર્મન્સ કેમ નથી આપી રહ્યાં. આ બાબતે નિષ્ણાતોએ અમુક કારણો આપ્યા છે. એક પછી એક કરીને એ કારણો જોઈએ.

ઘણા નિષ્ણાતોએ Gen Z ની આવી સ્થિતિ માટે શિક્ષણ પ્રણાલીને જવાબદાર ઠેરવે છે. તેમનું કહેવું છે કે, વિદ્યાર્થીઓને પુસ્તકીયું જ્ઞાન આપવામાં આવે છે, પણ પ્રેક્ટિકલ નોલેજ આપવામાં નથી આવતું, જેને લીધે સ્નાતક થયા બાદ તેઓ કાર્યક્ષેત્રે અપેક્ષા મુજબ પરફોર્મ નથી કરી શકતાં. સ્કૂલ-કોલેજોમાં ભણાવાતો ઈતિહાસ કે માયથોલોજી કોઈને વ્યાવસાયિક જીવનમાં કેટલો કામ લાગી શકે?આજનું પ્રત્યેક બાળક મોબાઈલ સાથે જ જન્મે છે, એમ કહેવામાં કંઈ ખોટું નથી. મોબાઈલ, ઈન્ટરનેટ અને




સોશિયલ મીડિયાનું એ ટુ ઝેડ જાણતું બાળક સાચુકલી દુનિયામાં ઓછું ઓતપ્રોત થતું હોવાથી જ્યારે એ નોકરીએ લાગે છે ત્યારે અન્ય લોકો સાથે કામ કરવાની એને ફાવટ હોતી નથી. ટેક્નોસેવી હોવા છતાં યુવાનોમાં વ્યવહારુ કૌશલ્યોનો અભાવ જોવા મળે છે. વર્ચ્યુઅલ દુનિયાથી પરિચિત યુવાનોને વાસ્તવિક દુનિયામાં કામ કરવાનો અનુભવ નથી હોતો, જેથી ઓફિસના વર્ક કલ્ચરને અપનાવવામાં તેઓ પાછા પડે છે, જેને લીધે તેઓ કામના સ્થળે અપેક્ષિત પરિણામ આપી શકતા નથી.સોશિયલ મીડિયા પર સૌથી વધુ સક્રિય યીહ ઢ જ જોવા મળે છે. સોશિયલ મીડિયા બેધારી તલવાર જેવું છે, એના જેટલા ફાયદા છે, એટલા જ નુકસાન પણ છે. સોશિયલ મીડિયા થકી જૂઠ્ઠાણા ફેલાવવા બહુ આસાન છે, અને યુવા પેઢી એવા જૂઠા દાવાઓમાં સરળતાથી ભેરવાઈ જાય છે. ખાસ કરીને રાજકીય અને સામાજિક અભિયાનોથી યીહ ઢ ખૂબ જ ઝડપથી પ્રભાવિત થઈ જતી હોય છે, જેની પ્રતિકૂળ અસર તેમના કામ પર પડતી હોય છે.

અગાઉની પેઢીની સરખામણીમાં યીહ ઢ યુવાનોએ ફટાફટ સફળ થઈ જવું છે, ખૂબ બધા નાણાં કમાઈ લેવા છે, પણ એ માટે પૂરતો સમય આપીને યોગ્ય દિશામાં મહેનત કરવાની તૈયારી નથી. સોશિયલ મીડિયામાં એમની વયના અન્ય અમીર યુવાનોને જોઈને Gen Zના મોટાભાગના યુવાનોને એમના જેવા થઈ જવાની ચાનક લાગે છે. મોબાઈલની માયા અને વારંવાર સોશિયલ મીડિયા જોયા કરવાની આદતને લીધે તેઓ કામમાં આળસ કરે છે અને ગંભીરતાપૂર્વક કામ કરતા નથી. Gen Zની એક વૃત્તિ જવાબદારીમાંથી છટકી જવાની પણ હોય છે. વ્યાવસાયિક અભિગમનો આવો અભાવ સરવાળે એમનું અહિત કરે છે.યુવાનોના માનસ પરથી મોજમજાથી જીવેલા કૉલેજ જીવનની અસર જલ્દી ભૂંસાતી નથી, જેને લીધે નોકરીએ લાગ્યા પછી પણ ઘણાં યુવાનો કૉલેજ જીવનમાં હતો એવો જ 'હોતા હૈ, ચલતા હૈ' પ્રકારનો 'કેર-ફ્રી' અને 'લેઈડ-બેક' એટિટ્યુડ રાખે છે, જે કંપનીઓને બિનવ્યાવસાયિક જણાતાં તેઓ Gen Z ને નોકરીમાંથી કાઢી મૂકવા બાબતે વિચારતાં થઈ જાય છે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

### WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

### ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com




## જાહેર નોટિસ

અમો નીચે સહી કરનાર એડવોકેટઅને નોટરીએન.આઈ. પટેલ, અમારા અસીલ શ્રી દીપક કુમાર કનુભાઈ સોલંકી ઠે, સોલંકીવાસ, લિંબાસી, તા. માતર, જી.ખેડા, ની સુચના થી આ જાહેર નોટિસ આપી જણાવીએ છીએ કે ખેડા જિલ્લાના માતર તાલુકાના લિંબાસી ની સિમમાં આવેલ બ્લોક/ સર્વે નં. ૧૭૩૮/ પૈકી, ખાતા નં. ૧૩૮૮, જેનું માપ- ૪-૦૪-૭૦, લિંબાસી સિમમાં ખેતી લાયક જમીન આવેલી છે. જે જમીન નો અમારા અસિલે વૈચાણ લેવા માટે નક્કી કરેલ છે. અને તેનું કબ્જા સહિત નું બાનાખત તા. ૦૬/૧૨/૨૦૨૧ ના રોજ કરેલ છે અને આ બાનાખત આધારે અમારા અસીલ નો કબ્જો ભોગવટો આવેલ છે અને તેથી ભવિષ્યમાં પણ આ જમીન ઉપર કોઇ ઈસમોએ બાનાખત કે વેચાણ કે ગીરો કે બક્ષિસ અથવા તો કોઈ પણ જાતનો જમીન ઉપર બોજો કરવો કરાવવો નહીં અને તેમ છતા પણ કરવામાં આવશે તો તેની તમામ જવાબદારી તેની પોતાની રહેશે. જે આ જાહેર નોટિસથી જાહેર કરીએ છીએ.

**તારીખ : ૨૪/૦૯/૨૦૨૪**
**મારી મારફતે**
**નીતીન આઈ પટેલ - એડવોકેટ - મો. ૯૩૨૭૪૨૭૪૧૧**
**સાંઈનાથ રોડ, તાલુકા સેવાસદન પાસે, પેટલાદ**

## જાહેર નોટિસ

એસ. આર. ત્રિવેદી, મામલતદાર અંને એક્ઝિક્યૂટિવ મેજિસ્ટ્રેટ, ધોળકાની કોર્ટમાં
નં.વિલંબિત જન્મ-મરણ નોંધણી/ એ સ.આર.નં.૧૩૪/૨૦૨૪
અરજદારઃ ચૌહાણ ધરમશીભાઈ નસ્સીંહભાઈ, રહે. ભુંભલી, તા. ધોળકા, જી. અમદાવાદ હાલ રહે. સોહમનગર, ખાકરોલ, આણંદ
સામાવાળાઃ જન્મ-મરણ નોંધણી રજિસ્ટ્રાર, તલાટી કમ મંત્રીશ્રી, ભુંભબી ગ્રામ પંચાયત ગામ-ભુંભલી, તા. ધોળકા, જી.અમદાવાદ
વિષય : જન્મ/મરણની નોંધણી અધિનિયમની કલમ ૧૩ (૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.
જન્મ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટિસ આપી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદાર પોતે નામે "ચૌહાણ ધરમશીભાઈ નરસીંહભાઈ" નો જન્મ તા. ૧૨/૧૨/૧૯૫૯ ના રોજ મુ. ભુંભલી, તા. ધોળકા, જી. અમદાવાદ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમના જન્મની નોંધ ભુંભલી ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવી અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

**આજ તા. ૨૦/૦૯/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આવ્યો. મામલતદાર અને એક્ઝિક્યૂટિવ મેજિસ્ટ્રેટ, ધોળકા**

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવાનું કે મોજે ખાટા આંબા, તા. માણસા, જી. ગાંધીનગરની સીમના ખાતા નં. ૬૮૨ જેનો જુનો સર્વે/બ્લોક નંબર : ૩૧/૧ અને નવો સર્વે/બ્લોક નં. ૮૩ હે.આરે.ચો.મી. ૦-૨૦-૫૮ આકાર રૂ. ૦.૯૦ પૈસાવાળી જુની શરતની ખેતીની જમીન નટવરભાઈ વિરચંદભાઈ પટેલ રહે. બહુચર ટેમ્પલ અંબિકા નગર સોસાયટી વાંટામાં, ગોજારીયા, જી. મહેસાણાનાઓની માલીકી કબજા ભોગવટાની વેચાણ હકકે જમીન આવેલ છે. તે જમીન અંગે અમારી પાસે ટાઈટલ ક્લીયર સર્ટીફિકેટની માંગણી કરેલ છે.
ઉપરોકત જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ ભાગ, હકક હિસ્સો હિત-સબંધ બોજો કે અલાખો ધરાવતા હોઈ તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત)માં લેખિત દસ્તાવેજી પુરાવાઓ સહિત અમોને અમારા નીચે જણાવેલ સરનામે રજી.પોે.એ.ડી. દ્વારા જાણ કરવી જો તેમ કરવામાં કસુર થશે તો મુદત વિત્યા બાદ જાણ થશે તો મજકુર ખેતીની જમીનો ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો બોજો નથી અને જો હોય તો તે જતો (હકક વેવ) કરેલ છે. તેમ સમજી મજકુર જમીનો અંગે ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટ અમો આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી જેની સર્વેએ નોંધ લેવી.

તા. ૨૫-૦૯-૨૦૨૪
**અમારી મારફતે કિરણસિંહ આર. ચૌહાણ (એડવોકેટ) ૭.ગોવર્ધન કોમ્પલેક્ષ, જુની મામલતદાર કચેરી રોડ, કુમાર શાળા સામે, દહેગામ તા. દહેગામ, જી. ગાંધીનગર મો. ૯૯૦૯૨ ૮૬૬૫૦**

## જાહેર નોટિસ

એસ.આર ત્રિવેદી, મામલતદાર અને એક્ઝિક્યૂટિવ મેજિસ્ટ્રેટ, ધોળકાની કોર્ટમાં, જન્મ-મરણ નોધણી/એસ.આર.નં.૧૩૫/૨૦૨૪ (R.P.A.D) તા. ૨૦/૦૯/૨૦૨૪ અરજદારઃ ઠાકોર કાળાજી જેણાજી, રહે. કાવીઠીયા વાસ, ગભ-ચલોડા, તા. ધોળકા, જી. અમદાવાદ

વિરૂદ્ધ

સામાવાળા : જન્મ મરણ નોંધણી રજિસ્ટ્રાર, તલાટી કમ મંત્રીશ્રી, થલોડા ગ્રામ પંચાયત ગામ-ચલોડા, તા. ધોળકા, જી. અમદાવાદ
વિષય : જન્મ/મરણની નોંધણી અધિનિયમની કલમ ૧૩ (૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત. જન્મ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટિસ આપી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારના માતા નામે "જશીબેન જેણાજી ઠાકોર" નું અવશાન તા. ૦૫/૦૫/૧૯૮૪ ના રોજ મુ, ચલોડા, તા. ધોળકા, જી. અમદાવાદ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમના મરણની નોંધ ચલોડા ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય મરણની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જન્મ નોંધણી અધિનિયમ લાગતા વળગતા ઈસમોને જણાવ તા. ૧૨/૧૨/૧૯૫૯ ના રોજ મુ. ૭ અજ્ઞાનતાને કારણે તેમના જન-જન્મની નોંધ કરાવવા અરજી ક આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયા ત રજુ કરવો અન્યથા આગળની ઈસમોએ નોંધ લેવી.

**આજ તા. ૨૦/૦૯/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.**
**મામલતદાર અને એક્ઝિક્યૂટિવ મેજિસ્ટ્રેટ**




## જાહેર નોટિસ

અમારા અસીલની સૂચનાથી અમો ધવલકુમાર નવિનચંદ ત્રિવેદી રહે. નડિઆદ જે આ જાહેર નોટિસ આપી જણાવીએ છીએ કે અમારા અસિલ નિલેશકુમાર કનુભાઈ પટેલ રહે. પલાણા તેમજ વાંકવાલા શહેજાદ હબીબભાઈ રહે. સાણદિયાવાસ, મુ. નડિઆદ જે આજરોજ આ જાહેર નોટિસ આપી જણાવે છે કે,
અમો એ મોજે ગામ મહોળેલ તા. નડિઆદ, જી. ખેડાની સીમ બ્લોક/સર્વે નં. ૬૪૪ ક્ષેત્રફળ ૦-૬૦-૭૦ તથા બ્લોક/સર્વે નં. ૧૦૯૮ ક્ષેત્રફળ ૦-૩૭-૧૧ વાળી ખેતીલાયક જમીન અમારા અસીલને તા. ૧૮/૦૩/૨૦૧૭ ના રોજ નોટરી સાહેબશ્રી આર. જે. બ્રહ્મભટ સાહેબ સમક્ષ પટેલ ભાવિકકુમાર વિઠ્ઠલભાઈ એ ગીરો કરાર કરી આપેલ છે. જેનો રજીસ્ટર નોંધણી નં. ૨૬૮૩/૧૭ છે. તેથી સદર મિલકત સંદર્ભે કોઈપણ ઈસમે કોઈપણ જાતના વ્યવહાર કરવા કરાવવા નહી સદર કરવામાં મિલકત અમોને ગીરો આપેલ છે. જેથી હવે પછી જે કોઈ પણ વ્યવહાર કરવામાં આવશે તે ગેરકાયદેસર રહેશે, અને અમારી કોઈ પણ જાતની જવાબદારી રહેશે નહી જે જાહેર જનતાએ નોંધ લેવી.

**તારીખ : ૨૫-૦૯-૨૦૨૪**
**સ્થળ : નડિયાદ**
**ડી. એન. ત્રિવેદી (એડવોકેટ**

## જાહેર નોટિસ

આથી અમો નીચે સહી કરનાર નિર્મલાબેન ગોવિંદભાઈ રોહિત, રહેવાસી : બંગલા નં.૦૪, શ્રધ્ધા પાર્ક, આલમપુર, તા.જી.ગાંધીનગર ના તે જાહેર જનતાને આ નોટીસ આપી ચેતવણી આપીએ છીએ કે., ઉપરોક્ત ફોટામાં બતાવેલ વ્યક્તિ જે અમારો પુત્ર પિયુષ ગોવિંદભાઈ રોહિત અને તેના પત્ની શિલ્પી બિશ્વાસ છે. અને જેઓના પ્રેમ લગ્ન તા. ૨૦- ૦૨-૨૦૨૦ ના રોજ થયેલા છે અને છેલ્લા (૪) વર્ષથી અમારાથી અલગ રહે છે અને છેલ્લા (૪) વર્ષથી તેઓ અમારા કહ્યામાં નથી અને પોતાની રીતે સ્વચ્છંદી જીવન જીવે છે.
આથી જાહેર જનતાને ચેતવણી આપી જણાવીએ છીએ કે, અમોએ તેઓની સાથે તમામ વ્યવહારો તથા નાણાંકીય વ્યવહારો તોડી નાખેલ હોઈ અને આથી અમારી કોઈપણ જાતની મીલકતમાં તેમનો કોઈપણ જાતનો લાગ, ભાગ, હક્ક, હીત, હીસ્સો રહેતો નથી. અને અમાડુ તમામ મીલકતમાંથી તેઓને બેદખલ કરેલ હોય જો કોઈપણ વ્યક્તિએ તેઓની સાથે કોઈપણ જાતનો નાણાંકીય કે અન્ય કોઈપણ જાતનો વ્યવહાર કરવો કરાવવો નહી, જો કરવામાં આવશે તો તેની જે-તે વ્યક્તિની અંગત જવાબદારી રહેશે. જે બાબતે મારી કે મારા કુટુંબના સભ્યોની કોઈ જવાબદારી રહેશે નહી. જેની જાહેર જનતા તેમજ લાગતા વળગતા ઈસમોએ ગંભીર નોંધ લેવી.

**તા.૨૫-૦૯-૨૦૨૪.**
**અસીલની સહી નિર્મલાબેન ગોવિંદભાઈ રોહિત અસીલની સુચના અને ફરમાઈશચી એમ. એ.મનસુરી, એ.એ.મનસુરી, બિલાલ મનસુરી (એડવોકેટ્સ)**

## જાહેર નોટિસ

હું નીચે સહી કરનાર, હરેશભાઈ જયંતિભાઈ પ્રજાપતિ, ઉ.વ.આ. ૪૬, રહે. એ/૨૪, અમરજયોત સોસાયટી, વરીયા પ્રજાપતિ વાડીની બાજુમાં, શારદા મંદિર સ્કૂલ ચોકડી પાસે, નડિયાદ-૩૮૭૦૦૨, તા. નડિયાદના આથી જાહેર જનતાને આ નોટિસ આપી જણાવીએ છીએ કે, અમારા પુત્ર નામે જીગ્નેશભાઈ હરેશભાઈ પ્રજાપતિ છે તેને ભણાવી-ગણાવી, પરણાવી દીધેલ છે અને હાલમાં છેલ્લા દોઢેક માસથી તે જુદો રહે છે. છેલ્લા એકાદ અઠવાડિયાથી તેની વર્તણૂક બદલાઈ ગયેલ અને ખોટા કૃત્યો કરે છે. વારંવાર ઘરમાં ખોટા ઝઘડા-કંકાસ કરે છે. ખોટા મિત્રોની સોબતે ચડી ગયેલ છે અને અમારા કહ્યામાં નથી જેથી તેની સાથે કોઈપણ જાતનો નાણાકીય, મિલક્ત અંગેનો કે અન્ય કોઈ વ્યવહાર કરવો નહિ અને જો કરશો તો તે અંગેની અમારી કોઈ જવાબદારી રહેશે નહિ. અમારો દીકરો તેની સ્વેચ્છાએ જે કંઈ પણ કૃત્ય કરે તેની સંપૂર્ણ જવાબદારી મારા દીકરાની રહેશે. અમોએ અમારા દીકરા સાથેના તમામ સંબંધો કાપી નાંખેલ છે તેમજ અમારી મિલકતો અંગેના તેને કોઈ હકક આપવાના નથી હવે અમો તેની સાથે કોઈ સંબંધ રાખવા માંગતા.

**તા. ૨૫-૦૯-૨૦૨૪**
**સ્થળ : નડિયાદ**
**(હરેશભાઈ જયંતિભાઈ પ્રજાપતિ)**
**અમારી મારફતે**
**આર. એ. મકવાણા એડવોકેટ રહે. ૩૧૩, કાવેરી પ્લાઝા, મીલ રોડ, સરદાર ભવન સામે, તા. નડિયાદ**

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે ડીસ્ટ્રીકટ-પાટણ સબ ડીસ્ટ્રીકટ-હારીજ મોજે ગામ હારીજના ખાતા નંબર-૧૨૬૬ માં ચૌહાણ નવલસંગ ચતરસંગની નીચે જણાવેલ સર્વે નંબર (૧) સર્વે નંબર-૩૩/પૈકી ૧૧ હે.આરે. ચો.મી. ૧-૫૧-૭૬ જૂની શરત (બિનખેતી માટે પ્રીમિયમને પાત્ર) બિનપિયત ખેતીની જમીનનાં માલિકશ્રીએ અમારી પાસે સદરહુ જમીન પોતાની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની છે તથા તમામ પ્રકારનાં બોજા મુક્ત હોવાનું જણાવી વેચાણ આપવા માંગે છે. જેથી અમારી પાસેથી સદરહુ સીમ જમીનનાં ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદરહુ દર્શાવેલ જમીન મહેસાણા ડી.સે. કો. બેંક શાખાના બોજા તથા ધી હારીજ પશ્ચિમ વિભાગ સામુદાયિક ખેતી સહકારી મં.લી.ના બોજા સિવાય અન્ય કોઈનો લાગભાગ, હક્ક હિસ્સો, દાવો, ગીરો, બક્ષીસ, પટ્ટો, ઈજમેન્ટ હોય તો આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૭માં અમો ને તે બદલના પુરાવા સહીત રજી.પો.એડી.થી લેખિત જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થયેથી સદરહુ જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો હક હિસ્સો કે દાવો, બોજો કે ગીરો નથી અગર તો તે સ્વેચ્છાએ જતો (વેવ) કરેલ છે. તેમ સમજી સદરહુ મિલકતનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે, અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહિ તેની જાહેર જનતાએ નોંધ લેવી.

**(એ. આર. એસોસીએટસ)**
**સાજીદખાન એસ. મલેક (એડવોકેટ)**
**ઓફિસ : ૪૫, સત્યમ કોમ્પ્લેક્ષ, રુદ્રાક્ષ સોસાયટી સામે, પાટડી, તા. દસાડા, જી. સુરેન્દ્રનગર (મો. ૯૭૧૨૫૪૩૭૭૭)**

## જાહેર નોટિસ

સી. એલ. સુતરીયા, એક્ઝિક્યૂટિવ મેજિસ્ટ્રેટ, અને મામલતદારશ્રી બાવળાની કોર્ટમાં (R.P.A.D)
નં. એમ.એ.જી/વિલંબિત જળા-નોંધણી/અરજી નં.૧૪૪/૨૦૨૪
અરજદાર : મકવાણા સુરેશભાઈ નરભેરામ ચેહડિયો વાસ કેશરડી તા. ૨૯/૦૭/૨૦૨૪
સામાવાળા : જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી અને કેશરડી, કેશરડી, તા. બાવળા, જી. અમદાવાદ વિષય : જન્મ/મરણની નોંધણી અધિનિયમની કલમ ૧૩ (૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત.
જન્મ-મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વર્ય જાહેર નોટિસ આપી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારના માતા નામે શારદાર્બન નરભેરામ મકવાણાનું મરણ તા. ૩૦-૦૮-૨૦૧૯ના રોજ કેશરડી, તા. બાવળા, જી. અમદાવાદ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમના મરણ નોંધ કેશરડી, બાવળા ગ્રામ પંચાયત કચેરીના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય મરણની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં ૧. જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા. ૨૯/૦૭/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

**એક્ઝિક્યૂટિવ મેજિસ્ટ્રેટ અને મામલતદાર બાવળા**

## જાહેર નોટિસ

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ તે અમારા અસીલ વનરાજસિંહ ઘનશ્યામસિંહ ગોહિલ રહે. ૧૧૯/૨, રાઠોડવાસ, બોરીજ, ગાંધીનગરનાઓની સુચના અને ફરમાઈશથી જાહેર ચેતવણી આપી જાહેર જનતાને જણાવીએ છીએ કે,
ડીસ્ટ્રીકટ ગાંધીનગર સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકા દહેગામના મોજે ગામ દેવકરણના મુવાડાની સીમના ખાતા નં. ૫૮૧ ના બ્લોક/સર્વે નં. ૧૧૧૪ (જુના બ્લોક/સર્વે નં. ૫૨૩/૫) ની કુલ હે, આરે, ૧-૩૫-૦૫ ચો.મી. જમીન પૈકીની વગર વહેંચાયેલ જશીબેન તે ભગાજીની વિધવા તથા જાલમજી ભગાજી ઠાકોરની માલીકીની હે. આરે. ૦-૩૦-૦૧.૧૧ ચો.મી. વાળી જમીન અમારા અસીલને કુલ ઉચ્ચક કિંમત રૂા.૮,૦૦,૦૦૦/- પુરામાં વેચાણ આપવાનું નક્કી કરી તે અંગેનો રજી. બાનાખતનો કરાર અનુ. નં. ૧૫૬૬ થી તા. ૦૨-૦૩-૨૦૨૪ ના રોજથી કરી આપેલ છે. અને નકકી કરેલ વેચાણ અવેજની રકમ પૈકી રૂા. ૧,૫૦,૦૦૦/-પુરા અમારા અસીલ પાસેથી બાનાની રકમ પેટે સ્વીકારેલા છે. પરંતુ બાનાખત કરાર કરી આપનારને અવાર નવાર જણાવવા છતાં તેઓ બાકી રહેતી વૈચાણ અવેજની સ્કમ સ્વીકારી પાકો રજો. વેચાણ દસ્તાવેજ કરી આપતા નથી અને સદરહુ જમીનો ત્રાહીત ઈસમોને વેચાણ કરવા ફરતા હોવાનુ અમારા અસીલના ધ્યાને આવેલ છે. જેથી આ જાહેર ચેતવણી આપી જાહેર જનતાને જણાવવાનુ કે ઉપરોકત જમી તેમાં અમારા અસીલનો બાનાખત કરાર આધીન વેચાણ રાખવાનો કાયદેસરનો હકક પેશાતો આવેલો હોઈ સદરહુ જમીનો બાબતે કોઈએ કોઈપણ પ્રકારના કરારો કે લખાણો કરવા નહીં કે કોઈ નાણાકીય વ્યવહારો કરવા નહીં તેમ છતાં કરલામાં આવશે તો તે અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી અને જવાબદાર તમામની સામે અમારા અસીલ કાયદેસરની કાર્યવાહી કરશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

**તા. ૨૬-૦૯-૨૦૨૪**
**સ્થળ : ગાંધીનગર.**
**અમારી મારફતે હેતલ એન. પટેલ ગેટ નં.૨, ન્યાય મંદીર, સેક્ટર-૧૧, ગાંધીનગર. મો.૯૯૧૩૭ ૨૦૯૧૯**

## જાહેર નોટિસ

આથી જનતાને જણાવવાનું કે, ડિસ્ટ્રીક્ટ ખેડા સબ ડિસ્ટ્રીક્ટ મહેમદાવાદના મોજે હલધરવાસ ગામની સીમમાં આવેલ ખાતા નં. ૧૩૦૮, જેનો બ્લોક / સર્વે નં. ૧૫૦૦-અ-પૈકી, જેનું ક્ષેત્રફળઃ ૦-૧૬-૨૨ હે. આરે. ચો.મી, જેનો આકારઃ રૂા. ૦.૭૫ પૈસાવાળી જુની શરતની ખેતીની જમીનના કબજેદાર (૧) ભરતભાઈ આશાભાઈ (૨) શોભના અરવિંદભાઈ પ્રજાપતિ (૩) હંસાબેન રણછોડભાઈ કટકીયાના પુત્રી તથા વા.ઓ. દેવકીનંદન ધોળકિયાના પત્નીનાઓની સંયુક્ત માલિકીની કબજા ભોગવટાવાળી આવેલી હોવાનું જણાવી તેઓએ વેચાણ આપવાનું નક્કી કરેલ હોઈ તેઓએ સદરહુ જમીનના ટાઈટલ ક્લિયરન્સ સર્ટીફીકેટની માગણી કરેલ છે. જેથી સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ જાતનો લાગ, ભાગ, હક્ક, હિત, હિસ્સો કે ભરણ પોષણનો હક્ક પોષાતો હોય કે કબજો ધરાવતા હોય કે વેચાણનું નોટરી - રજીસ્ટર - બાનાખત, ગીરો - બોજો કે પાવર ઓફ એટર્ની કે કોઈપણ પ્રકારનું લખાણ વિગેરે જે કાંઈપણ આવેલા હોય તો તેઓએ આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન - ૭માં અમોને નીચેના સરનામે રજીસ્ટર પો. એડી. દ્વારા પુરાવા સહિત જાણ કરવી. જો તેમ કરવામાં નહીં આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ જાતનો લાગ, ભાગ, હક્ક, હિત, હિસ્સો, ગીરો - બોજો કે વેચાણનું નોટરી - રજીસ્ટર - બાનાખત કે કબજો ધરાવતા હોય વિગેરે કાંઈપણ આવેલ નથી અને આવેલ હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી અમો સદરહુ જમીનના ટાઈટલ ક્લિયરન્સ સર્ટીફીકેટ આપીશું. તેમાં કોઈનો કોઈપણ જાતનો વાંધો કે તકરાર ચાલશે નહીં. અને અમારા અસીલ ઉપરોક્ત જમીનનો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી લેશે. જેની સ્પષ્ટ નોંધ લેવી.

**તારીખઃ ૨૫/૦૯/૨૦૨૪, સ્થળઃ મહેમદાવાદ.**
**મારી મારફતે, સહી/- જગદીશભાઈ પી. પરમાર (એડવોકેટ) રહે, ૨૦/૨, ગઢવી સોસાયટી, મહુધા રોડ, મું. તા. મહેમદાવાદ, જી. ખેડા, મો. ૮૭૮૦૨ ૪૮૫૫૮.**

## જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક ખેડા સબ ડીસ્ટ્રીક કપડવંજના મોજે કોસમ ગામના ખાતા નં. ૩૭૬ જેનો સર્વે નં. ૫૬ ક્ષેત્રફળ હે.આરે. ૧-૪૩-૬૬ પૈકી ૦-૪૭-૮૮ આરે આકાર રૂ. ૦૦ પૈસાવાળી જમીન જૂની શરતની (૧) રણછોડભાઈ લીલાજીના વારસદારો (૧/૧) જીવતબેન જગદીશભાઈ ખાંટની પત્ની તે રણછોડભાઈની દીકરી (૧/૨) કમુબેન જયંતીભાઈ ખાંટની પત્ની તે રણછોડભાઈની દીકરી નં.૧,૨ રહે. રુદન, તા. મહેમદાવાદ, જી. ખેડા (૧/૩) શંકરભાઈ રણછોડભાઈ રહેવાસીઃ ભગાજીના મુવાડા તા. કપડવંજ, જી. ખેડાનાઓની જમીન જૂની શરતની સંયુક્ત માલિકીની તેમજ કબજા ભોગવટાની આવેલ હોઈ સદર જમીનના માલિકો સદર જમીન વેચાણ કરવા માગતા હોઈ અને સદર સર્વે નં. વાળી જમીનનો ટાયટલ ક્લિયર હોવાની તેમજ કોઈના કોઈપણ જાતના કબજા બોજા રહિત તેમજ ટાયટલ ક્લિયર હોવાનું જણાવી અમારી પાસે સદર જમીનનું ટાયટલ ક્લિયર સર્ટિફિકેટની માગણી કરેલ હોઈ જેથી સદર જમીન બાબતે અન્ય કોઈ ઈશમનો કોઈપણ જાતનો હક્ક લાગ ભાગ હિત કબજા હક્ક કે કોઈપણ જાતનો ગીરો વેચાણનો હક્ક સમાયેલ હોઈ તેમજ કોઈ કાચું પાકું લખાણ કરેલ હોઈ કે કોઈ દાવા દુવી ચાલતું હોઈ તો આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયે દિન ૭ની અંદર નીચે જણાવેલ સરનામે લેખિત વાંધા સહિત જાણ કરવાની રહેશે. અને મુદત વીતે બાદ સદર જમીનનું ટાઈટલ ક્લિયર હોવાનું માની ટાઈટલ ક્લિયર સર્ટિફિકેટ આપવામાં આવશે અને જમીનનું વેચાણ કરવામાં આવશે. જે અંગે પાછળથી કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહિ. જેની નોંધ લેવી

**તારીખ : ૨૫-૦૯-૨૦૨૪**
**સ્થળ : કપડવંજ**
**મારી મારફતે**
**અરવિંદ આર, રાવલ (એડવોકેટ)**
**ઓફિસ : ત્રિવેણી પાર્ક ચોકડી કપડવંજ બસસ્ટેન્ડ નજીક કપડવંજ મો. ૯૯૧૩૩૯૦૫૦૧**

## જાહેર નોટિસ

